# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-03-2025** **Day : Monday** **Evening : 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સંસદ બજેટ સત્ર

આજે સંસદના બજેટ સત્રના બીજા તબક્કાનો પ્રારંભ થયો હતો. વિરોધ પક્ષોનાં સભ્યો દ્વારા શોરબકોરને પગલે લોકસભાની કાર્યવાહી બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત રહ્યા બાદ તે પુનઃ શરૂ થઈ હતી. જ્યારે રાજ્યસભામાં પ્રશ્નકાળ ચાલી રહ્યો છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે મણિપુરનું બજેટ રજૂ કર્યું. ગયા મહિને મુખ્યમંત્રી એન. બિરેનસિંહના રાજીનામા બાદથી આ મણિપુર રાષ્ટ્રપતિ શાસન હેઠળ છે. ચાર એપ્રિલ સુધી ચાલનારા આ તબક્કામાં 20 બેઠકો હશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ સત્ર દરમિયાન વર્ષ 2025-26 માટે ગ્રાન્ટની માંગણીઓ અને સંબંધિત વિનિયોગ બિલ, બેંકિંગ કાયદા (સુધારા) બિલ, કોસ્ટલ શિપિંગ બિલ 2024, ઇમિગ્રેશન અને ફોરેનર્સ બિલ 2025 અને રેલ્વે (સુધારા) બિલ સહિતનાં ખરડાઓ ચર્ચા હાથ ધરીને પસાર કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

# કચ્છમાં નર્મદાના પાણી

અબડાસા અને લખપત તાલુકામાં સિંચાઈ માટે નર્મદાના પાણી પહોંચાડવા અંગેના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે નર્મદાના પૂરના વધારાના ૧ મિલિયન એકરફીટ પાણીના વિતરણ અન્વયે અલગ અલગ યોજના કાર્યરત છે

જે અંતર્ગત મોડકુબાથી નર્મદાની કચ્છ બ્રાન્ચ કેનાલનું એક્ષ્ટેન્શન કરીને ૦.૧૮૨ મિલિયન એકરફીટ નર્મદાના પૂરનું વધારાનું પાણી મેળવીને અબડાસા અને લખપત તાલુકાની સિંચાઈ યોજનાઓને જોડાણ કરીને વિતરિત કરવા માટેનું પ્રાથમિક આયોજન કરવામાં આવી રહ્યું છે.

પ્રથમ તબક્કામાં 720 કરોડના ખર્ચે કામ હાથ ધરાશે જેમાં બે પમ્પિંગ સ્ટેશન તથા ૭૨ કિ.મી. પાઈપલાઈનની કામગીરી કરવામાં આવી રહી છે. જેનાથી રાપર તાલુકાનાં ૮ ગામોના ૨૯૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ મળશે. રૂપિયા 2 હજાર 29 કરોડના ખર્ચે ૬ પમ્પિંગ સ્ટેશન અને ૧૫૮ કિ.મી. પાઈપલાઈનની કામગીરી કરવામાં આવી રહી છે. જેનાથી મુન્દ્રા, ભુજ, માંડવી અને અંજાર તાલુકાનાં ૪૭ ગામોના ૩૮,૮૨૪ હેક્ટર વિસ્તારને અને ૨૫ સિંચાઈ યોજનાઓને તેનો લાભ મળશે.

---

1971 યુધ્ધ કામગીરી હોમગાર્ડ મહિલાનું સન્માન

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડ દ્વારા અનોખી ઉજવણી કરવામાં આવી હતી. 1971માં યુદ્ધ દરમ્યાન કરેલી કામગીરી બદલ મહિલા હોમગાર્ડનું સન્માન કરાયું હતું. સાંસદ વિનોદ ચાવડા, . જિલ્લા કમાન્ડન્ટ મનીષ બારોટ અને વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભુજ ખાતે મહિલાઓનું શાલ દ્વારા સ્વાગત કરાયું હતું. માજી હોમગાર્ડ મહિલાઓએ પોતાની કામગીરીના સ્મરણો તાજા કરી તેના સંઘર્ષ અને યોગદાનની ઝલક સંભળાવી હતી. 1971નાં ભારત-પાકિસ્તાનના યુદ્ધ સમયે આ બહેનોએ પોતાની કામગીરી જેવી કે બ્લેક આઉટના શહેરના અનેક વિસ્તારોમાં ઘરોઘર ફરી બને લાઇટો બંધ કરાવવી પછી યુદ્ધ સમયે સાયરન વગાડતા અને ત્યારબાદ સબ સલામતીની પણ સાયરન વગાડવાની સતત ફરજ બજાવી કલેક્ટર કચેરીએથી આવતા સૂચનોનો અમલ કરાવવા સહિતની કામગીરી કરી હતી.

---------------------------------------------------------------------------------------

હવામાન

કચ્છમાં ગરમીએ પોતાનો આકરો મિજાજ દેખાડવાનું શરૂ કરી દીધુ છે. હજુ તો ફાગણ માસ અડધો માંડ વિત્યો છે ત્યાં ચૈત્ર, વેશાખ વખતે પણ ગરમીનો અનુભવ ન થાય તેવો અત્યારે ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ગઇકાલે ભુજનું મહત્તમ તાપમાન 40 ડિગ્રીએ પહોંચી ગયો હતો. રવિવારે કચ્છમાં સિઝનનો સૌથી ગરમ દિવસ અનુભવાયો હતો. હવામાન વિભાગે હજુ ચાર દિવસ ગરમીની ચેતવણી આપી છે તેની વચ્ચે આજે આકરા તાપનો લોકોએ સામનો કરવો પડ્યો હતો. લોકોને વહેલી સવારે જ એસી ચાલુ કરવાની ફરજ પડી હતી..

---------------------------------------------------------------------------------------

## ધોરણ 10 અને 12ની પરીક્ષા

**ધોરણ 12 સાયન્સની બોર્ડ પરીક્ષા આજે ગુજરાતી, હિન્દી સહિતના પ્રથમ ભાષાના પેપર સાથે પુર્ણ થઇ છે. ધોરણ 12 સાયન્સની પરીક્ષાનો પ્રારંભ 27મી ફેબ્રુઆરથી થયો હતો. ધોરણ 10ની પરીક્ષાનો પણ આજે છેલ્લો દિવસ હતો.. એસએસસીમાં આજે હિન્દી, સંસ્કૃતિ, સિંધી, ફારસી, અરબી અને ઉર્દુ દ્વિતિય ભાષાના પેપર સાથે બોર્ડની પરીક્ષાઓ પુર્ણ થઇ છે. ધોરણ 12 સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષાઓ હજુ આગામી 17મી માર્ચ સુધી ચાલશે.**

**-----------------------------------------------------------------------------------------**

## ભચાઉમાં ખાતમુહૂર્ત

**ભચાઉમાં 137.74 લાખના ખર્ચે વિવિધ વિકાસ કામોનો પ્રારંભ કરાયો હતો. આ વિકાસ કામોમાં વોર્ડ નં. 7 જુનાવાડા અને ભઠ્ઠા વિસ્તારને જોડતા રસ્તા પર પુલિયો બનાવવાનું કામ, વોર્ડ નં.4 ના જુદાજુદા વિસ્તારોમાં ડામર રોડને રીસર્ફેસીંગ, શહેરના મુખ્ય રસ્તા એલશેપ રોડને આઈકોનીક રોડ તરીકે વિકસાવવા સહિતના વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત કરાયા હતા. જુનાવાડા ખાતે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની 135 દીકરીઓના રહેવા, જમવા માટેની અદ્યતન સુવિધા સાથેના છાત્રાલયનું મકાન 498.76 લાખના ખર્ચે બનાવાશે.**

**-----------------------------------------------------------------------------------------**

## સીઆઈએસએફના જવાનોનું સ્વાગત

**કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળના 56મા સ્થાપના દિવસે લખપતથી જવાનોની સાઈકલ યાત્રા 'સુરક્ષીત તટ' ના સંદેશ સાથે શરૂ થઈ છે, જે કન્યાકુમારી સુધી 25 દિવસમાં 6 રાજ્યમાં થઈને 3 હજાર 778 કિલોમીટરનો સફર પૂર્ણ કરશે. જવાનોની આ સાયકલ યાત્રા ગઇકાલે આદિપુર પહોંચી ત્યારે ગાંધી સમાધી મધ્યે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા જવાનોનું ઉષ્માભેર સ્વાગત અને સન્માન કરાયું હતું.**

**-----------------------------------------------------------------------------------------**

## માર્ગ સલામતી માટે અભિયાન

**ભુજ શહેરમાં ટ્રાફિક પોલીસે માર્ગ સલામતી અભિયાન અંતર્ગત મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. ટ્રાફિક પોલીસે આ કાર્યવાહીની શરૂઆત પોલીસ વિભાગની એસપી કચેરી અને ડીવાયએસપી કચેરીથી કરી હતી. હેલ્મેટ ન પહેરવા બદલ દંડ ફટકારવામાં આવ્યો હતો. પોલીસ વડા વિકાસ સુંડાના માર્ગદર્શન હેઠળ આ વિશેષ ટ્રાફિક ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**-----------------------------------------------------------------------------------------**